ISCE

# વાર્ષિક અહેવાલ

## ૨૦૨૩-૨૦૨૪
















**વિચારો વિશ્વની વાટે, આચરો ઘરના આંગણે**

# પ્રાથમિક માહિતી

- સંસ્થાનો પરિચય
- સંસ્થાના ઉદ્દેશ્ય
- ટ્રસ્ટી મંડળ
- સંપર્ક નંબર

# ભારતીય સમુદાય શિક્ષણ સંઘ તરફ એક નજર

## જ્ઞાનવર્ધક કાર્યક્રમો:

- સમુદાય શિક્ષણનો અભ્યાસક્રમ
- સંવેદનશીલ નાગરિકત્વ કાર્યક્રમ
- ઓનલાઈન પ્રશ્નોત્તરી કાર્યક્રમ
- સાહિત્ય સર્જન અને પઠન શિબિર
- નવી શિક્ષણનીતિ -૨૦૨૦
- જેલના કેદીઓ સાથે સાહિત્ય કાર્યક્રમ
- સામાજિક માધ્યમોના વ્યસનમુક્તિ કાર્યક્રમ
- કોમ્પ્યુટર તાલીમ
- ચાલો કવિતા સમજીએ
- વાચન શિબિર

## 📌 પ્રદર્શન કાર્યક્રમ

રંગોળી સ્પર્ધા

## 📌 જાહેર કાર્યક્રમો:

૨૧મું પ્રા. રામલાલ પરીખ જન્મદિન વ્યાખ્યાન

૨૩મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન

ધ્વજ વંદન (૧૫ ઓગષ્ટ)

ધ્વજ વંદન (૨૬ જાન્યુઆરી)

## સંશોધનો

ડિજીટલ સાક્ષરતા અને ગુજરાતના ગામડાં

અમદાવાદ શહેરના લારી-ગલ્લા ચલાવતા લોકોનો સર્વે

# સંસ્થાનો પરિચય




ભારતીય સમુદાય શિક્ષણ સંઘની સ્થાપના ૧૯૮૨માં થઇ હતી. સંસ્થા છેલ્લા કેટલાય વર્ષોથી અનૌપચારિક શિક્ષણ ક્ષેત્રમાં કાર્યરત છે. જેમાં સમુદાયના બધા જ વર્ગો સુધી શિક્ષણ પહોંચે, શિક્ષા જીવન કેન્દ્રી બને અને કંઇક નવું શીખવાવાળો સમાજ બને એ ઉદ્દેશથી સંસ્થા કાર્ય કરી રહી છે. સંસ્થાના મૂળમાં ગાંધી વિચાર રહેલો છે. સંસ્થાનું સૂત્ર **" Think Globally Act Locally"** આ સૂત્રને ચરિતાર્થ કરતા અમે સ્થાનિક પ્રવૃતિઓની સાથે સાથે વૈશ્વિક સ્તરે પણ પ્રવૃતિઓ કરીએ છીએ. અમારા જે મહત્વના કાર્યક્રમો છે એમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદ, સેમિનાર, વર્કશોપ, સાર્વજનિક વ્યાખ્યાન, વિચારવિમર્શ સભા, તાલીમ વગેરે છે. ગ્રામીણ કાર્યક્રમ, શૈક્ષણિક પ્રવૃતિઓ જેવી કે સાહિત્ય શિબિરો, સ્પર્ધાઓ, વિચાર ગોષ્ઠી, મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સ્વસહાય જૂથના માધ્યમથી ખેતી, પશુપાલન અને રોજગારીનાં વિશે જાણકારી પ્રદાન કરી મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.

# સંસ્થાના ઉદ્દેશ્યો

- સામુદાયિક શિક્ષણની વિભાવનાને ઉત્તેજન અને પ્રોત્સાહન આપવું અને ભિન્ન ભિન્ન સમુદાયો માટે વિકાસલક્ષી પ્રવૃતિઓ અને કાર્યક્રમો કરવા.
- વિદ્યાર્થીઓના માતા પિતા અને શાળા, કોલેજો વગેરે વચ્ચે ગાઢ સબંધો વિકસે તે માટે શિક્ષણમાં સમુદાયની ભાગીદારીને પ્રોત્સાહિત કરવી.
- ભારતીય ગ્રામીણ સમાજના સંદર્ભમાં સમુદાય શિક્ષણને વિશેષ પ્રોત્સાહન પૂરું પાડવું.
- જીવન પર્યંત અને સમગ્ર જીવન દરમિયાન શિક્ષણને પ્રોત્સાહન આપવું.
- શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃતિ, વ્યવસાય વગેરે જેવા ક્ષેત્રોમાં સમુદાયની જરૂરિયાતો ઓળખી તેને પ્રોત્સાહન આપવું અને તેની જરૂરિયાત અનુરૂપ કાર્યક્રમોનું આયોજન કરવું.
- “વિચારો વિશ્વની વાટે, આચરો ઘરના આંગણે” ના સૂત્રને અપનાવીને સ્થાનિક જીવનને વૈશ્વિક સ્તરે જોડવાના ઉદ્દેશ્યથી કાર્ય કરવું અને સમુદાયના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે કામ કરવું.
- તમામ વયજૂથો અને સમુદાયના તમામ વર્ગોના લોકોને તેમની અંદર રહેલી ક્ષમતાનો અહેસાસ કરાવી તેમની પોતાની સમસ્યાઓ ઉકેલવા માટે મદદ કરવી.
- શાળા અથવા આવી અન્ય શૈક્ષણિક સંસ્થાઓને માનવ વિકાસ પ્રયોગશાળા તરીકે રૂપાંતરિત કરવા.
- ભારતમાં તેમજ વિદેશમાં સામુદાયિક શિક્ષણ કાર્યક્રમો વિશે માહિતી એકત્રિત કરી તેને પ્રસારિત કરવી.
- શિક્ષકો માટે વિવિધ તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવા અને સમુદાય શિક્ષણના કાર્યમાં તેઓનો સહયોગ કરવો.
- સમુદાય શિક્ષણ અને સમુદાય સેવાને પ્રોત્સાહન આપવા માટે શૈક્ષણિક અથવા સંશોધન અથવા વિસ્તરણ કાર્ય કરતી સંસ્થાઓ, કેન્દ્રો, શાખાઓ વગેરેની સ્થાપના અને સંચાલન કરવું.
- લોકોના જીવનમાં સમુદાય શિક્ષણનું મૂલ્ય અને મહત્વ કેળવાય તે હેતુથી વિવિધ, પરિષદો, બેઠકો, પરિસંવાદો, કાર્યશાળાઓ, શિબિરો જેવા કાર્યક્રમો યોજવા.

# ટ્રસ્ટી મંડળ



શ્રી પરીક્ષિતભાઈ દિવેટિઆ
અધ્યક્ષ



ડૉ. મંદાબેન પરીખ
ટ્રસ્ટી



શ્રી મયંકભાઈ ઉપાધ્યાય
ટ્રસ્ટી



શ્રી મુકેશભાઈ શાહ
ટ્રસ્ટી



શ્રી દલપતભાઈ પઢિયાર
ટ્રસ્ટી



શ્રી ઉષાબેન શ્રોફ
ટ્રસ્ટી

# સલાહકાર સમિતિ

શ્રી પરીક્ષિતભાઈ દિવેટિઆ

ડૉ.મંદાબેન પરીખ

શ્રી મયંકભાઈ ઉપાધ્યાય

શ્રી સુદર્શનભાઈ આયંગર

શ્રી ગૌરાંગભાઈ જાની

શ્રી કુમારપાળભાઈ દેસાઈ

શ્રી ઉષાબેન શ્રોફ

શ્રી અમલભાઈ ધ્રુવ

ડૉ. ઉષાબેન જુમાની

શ્રી મુકેશભાઈ શાહ

**ADDRESS**

Community Education House
Navjivan Press Road off,
Ashram Road,
Ahmedabad-380009

**CONTACTS**

iscehouse@gmail.com


Phone:-079-27543174
Mo:-9429935830

**WORKING HOURSE**

Monday-Friday
10:00 to 5:00
Sunday: Closed

# જ્ઞાનવર્ધક કાર્યક્રમો:

## ૧. સમુદાય શિક્ષણનો અભ્યાસક્રમ:




ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને ગ્રામ વ્યવસ્થાપન અધ્યાયન કેન્દ્ર,રાંધેજા ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે સમુદાય શિક્ષણનો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ વર્ષે રાંધેજાના બીજા વર્ષના **MBA** ના ૨૫ વિદ્યાર્થીઓ સાથે આ અભ્યાસ શરૂ કરેલ છે. સામાજિક વિકાસના કાર્યક્ષેત્રમાં સમુદાય વિકાસની શું ભૂમિકા છે તે સંદર્ભે વ્યક્તિઓ વચ્ચે પારસ્પરિક અસર કરતાં સમાજના વિકાસનું મહત્વનું કારણ છે. આ અભ્યાસક્રમ ૨૦૨૨ થી ચાલુ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમની રૂપરેખા શિક્ષણવિદ શ્રી મહેન્દ્રભાઈ ચૌટલિયાએ નક્કી કરેલ છે. આ અભ્યાસક્રમમાં વર્ગ અભ્યાસ, પ્રેક્ટીકલ, ક્ષેત્રની મુલાકાત, અહેવાલ લેખન, પ્રશ્નોત્તરી, ફિલ્મ બનાવવી. વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ સમુદાયનું સર્વેક્ષણ કરી સમુદાય શિક્ષણના કાર્યક્રમનું આયોજન બનાવવું. આમ અભ્યાસક્રમમાં આખરે આંતરિક અને બાહ્ય મૂલ્યાંકનના આધારે ૧૦૦ ગુણની કસોટી લેવામાં આવે છે.


## ૨. સંવેદનશીલ નાગરિકત્વ કાર્યક્રમ:





ભારતીય સમુદાય શિક્ષણ સંઘ સંસ્થા દ્વારા "સંવેદનશીલ નાગરિકત્વ" પર બે દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ છેલ્લા ૧૪ વર્ષથી ચાલતો આવ્યો છે. દેશમાં જવાબદાર નાગરિકોનું ઘડતર થાય તે હેતુથી આ કાર્યક્રમ કરવામાં આવે છે. આ કાર્યક્રમ બી.એડ્.ની ડીગ્રી માટે અભ્યાસ કરતા ભાવિ શિક્ષકોને આવરી લઇ કરવામાં આવે છે. શિક્ષકો જ ભાવિ સમાજના ઘડવૈયા છે. તેથી તેમની સાથે કરેલો વિચારવિમર્શ સમાજના મૂળ સુધી પહોંચે તેમ હોય છે. વૃક્ષને જો જીવાડવું હોય, તેના ડાળ, પાન, ફૂલને નવપલ્લવિત કરવા હોય તો મૂળને જ સિંચવાનાં હોય ને ! ચારિત્ર્ય વિનાનું શિક્ષણ એ શિક્ષણ નથી. સમાજમાં રહેલો ચારિત્ર્યવાન શિક્ષક જ ધીમે ધીમે સમાજને ઘડતો જાય છે. શિક્ષણને આપણે ઘર સુધી લઇ જવાનું છે. શિક્ષક સારા વિચારોને વિદ્યાર્થીઓ મારફતે લોકો સુધી સમાજમાં પહોચાડે છે અને આ રીતે તે લોક શિક્ષણ બની જાય. ગત વર્ષે આ કાર્યક્રમ શિક્ષણ મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે તા.૨૪-૨૫, જુલાઈ ૨૦૨૩ના દિવસો દરમ્યાન કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૭૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન ભારતીય સમુદાય શિક્ષણ સંઘના વરિષ્ઠ સંયોજક શ્રી વિક્રમસિંહ ચૌહાણે કર્યો હતો. શરૂઆતમાં ડૉ. હેમંતભાઈ શાહે બંધારણના આમુખ વિશે ચર્ચા કરી. સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે બંધારણના મૂળભૂત અધિકારો અને નાગરિકોની ફરજો, ડૉ. પુનિતાબેન હર્ણેએ ૧. ભારતીય લોકશાહી સામેના પડકારો અને પ્રતિભાવો ૨. ટોળાશાહી: ભારતીય અર્થતંત્ર ઉપર ઉભરતું ગુમડું ૩. લોકશાહી અને વાણી સ્વાતંત્ર્ય જેવા મુદ્દાઓ વિદ્યાર્થીઓને અલગ-અલગ જૂથો પાડી ચર્ચા કરવામાં આવી. ડૉ. વિકલ્પ કોટવાલે "રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે નાગરિકોના પડકારો", ડૉ. મનોજ પરમારે " નાગરિકત્વ અને વૈશ્વિક પ્રવાહો", શ્રી ડંકેશ ઓઝાએ " તાજેતરના બનાવો અને નાગરિકોના પડકારો" વિષય પર ચર્ચા કરી.

# ૩.ઓનલાઈન પ્રશ્નોત્તરી કાર્યક્રમ














કોરોના મહામારી દરમિયાન સંસ્થા દ્વારા ઓનલાઈન કાર્યક્રમ કરવાનો વિચાર કર્યો. જેમાં સમુદાયના તમામ વર્ગોને દરેક વિષયનું જ્ઞાન મળે, સમુદાયને જાગૃતિ મળે તે હેતુસર દર મહીને એક વિષય નક્કી કરી તેના ૫૦ પ્રશ્નો વિકલ્પ સાથે ગૂગલ ડોક ફોર્મમાં મૂકવામાં આવે છે. આ પ્રવૃત્તિ ૨૦૨૧ થી ચાલુ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ સતત ચાલતો અને દર મહીને જે ખાસ દિવસો ઉજવવામાં આવે છે તેના પર પ્રશ્નો તૈયાર કરવામાં આવે છે. તેમાં મુખ્યત્વે પ્રજાસત્તાક દિવસ, સ્વાતંત્ર્ય દિવસ, પર્યાવરણ, સાહિત્ય, ઈતિહાસ, ભૂગોળ, ભારતનું સંવિધાન, ગુજરાતનો સ્થાપના દિવસ, ગાંધીજી અને ડૉ.બાબા સાહેબ આંબેડકરની જીવનશૈલી, દેશ-વિદેશની મહિલાઓ વિષે, વર્તમાન પ્રવાહો, વિજ્ઞાન, નવી શિક્ષણ નીતિ વગેરેનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ગૃહિણીઓ, નોકરિયાત વર્ગ તેમજ અન્ય તમામ લોકો ભાગ લે છે. અત્યાર સુધી કુલ ૧૧,૯૨૬ લોકોએ ભાગ લીધો છે. ૫૦ માંથી ૩૫ માર્ક્સ લાવનારને ૪૧૨૫ લોકોને ઈ-સર્ટિફીકેટ આપવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષમાં ૪૪૭૫ લોકોએ ભાગ લીધો અને તેમાંથી ૧૭૨૪ લોકોને ઈ સર્ટિફિકેટ આપવામાં આવ્યા.






# સાહિત્ય સર્જન અને પઠન શિબિર



પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે વેકેશન દરમિયાન (ઉનાળુ-દિવાળી) સાહિત્યના જૂદા-જૂદા સ્વરૂપોમાંથી એક સ્વરૂપ ઉપર ત્રણ દિવસની નિવાસી શિબિર છેલ્લા ૧૬ વર્ષથી કરવામાં આવે છે. જેનો હેતુ શિક્ષક વર્ગખંડમાં સાહિત્યના માધ્યમથી શિક્ષણને સરળ અને સાદું બનાવે. જેથી બાળકને ભણવામાં રસ પડે. પહેલા આ શિબિર ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવતી હતી. છેલ્લા બે વર્ષથી આ શિબિર શિક્ષકો સાથે કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ૪૦ શિક્ષકોની મર્યાદા રાખી તેમને જૂદા-જૂદા સાહિત્યના નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન અને સર્જન પ્રક્રિયા વિશે તેમની સજ્જતામાં વધારો કરવામાં આવે છે. ૨૦૨૩-૨૦૨૪ દરમિયાન બે શિબિરો કરવામાં આવી હતી અને છેલ્લે  શિક્ષકો તે રચનાને રજૂઆત કરી તેના વિશે પ્રતિભાવ નિષ્ણાંત આપે છે. શિક્ષણમાં ગુણવત્તા વધારવા માટે આ કાર્યક્રમ શિક્ષકોને ઘણો ઉપયોગી થાય છે. કવિતા-નાટક-નિબંધ-ટૂંકીવાર્તા વગેરે સ્વરૂપો આ શિબિરમાં આવરી લેવામાં આવે છે.

## નવી શિક્ષણ નીતિ-૨૦૨૦ :







સમગ્ર દેશમાં નવી શિક્ષણ નીતિનો અમલ શરૂ થઇ ગયો છે. દેશના ઘણા ખરા શિક્ષકો આ વિશે પુરતું જાણતા નથી. શિક્ષણ પદ્ધતિમાં કેટલાક ફેરફારો થયા છે તે જણાવવા માટે અને શાળાઓના શિક્ષકો તેનો કઈ રીતે અમલ કરશે તે અંગેનું જ્ઞાન આપવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં રાજકોટ અને અલીયાબાળા એમ એક દિવસીય બે શિબિરો કરવામાં આવી હતી. આ કાર્યશાળામાં ૯ શાળાઓમાંથી કુલ ૭૨ શિક્ષકો જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાસ્ત્રીય વિદ્યાલય-રાજકોટના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અલ્પનાબેન ત્રિવેદીએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય સમુદાય શિક્ષણ સંઘનાં ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખ, સેક્રેટરી અને ટ્રસ્ટી શ્રી મયંકભાઈ ઉપાધ્યાય, ફૂલછાબના વરિષ્ઠ પત્રકાર શ્રી કૌશિકભાઈ મહેતા, કટાર લેખક શ્રી રાજુલભાઈ દવે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં તજજ્ઞ તરીકે ડૉ. રાજેન્દ્રભાઈ ચોટલિયાએ નવી શિક્ષણનીતિનું માળખું ૫+૩+૩+૪ સમજાવ્યું. શિક્ષકો સાથે શિક્ષણપદ્ધતિ, મૂલ્યાંકન, વિષય વસ્તુ, શિક્ષક અને વિદ્યાર્થીઓનો ગુણોત્તર, શિક્ષકોની સજ્જતા વિશે વાત કરવામાં આવી.

# ચાલો કવિતા સમજીએ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘમાં છેલ્લા એક વર્ષથી ચાલો કવિતા સમજીએ કાર્યક્રમ ચાલુ કરવામાં આવ્યો છે. આ કાવ્યને શિક્ષણના માધ્યમ તરીકે વધારે અર્થપૂર્ણ રીતે પ્રયોજવા એક આ નવો કાર્યક્રમ શરૂ કર્યો છે. સાહિત્યના તમામ સ્વરૂપોમાં કાવ્ય સૌથી વધુ પ્રચલિત છે. આ કાર્યક્રમ ૨ જી ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવ્યો છે. ડૉ. કેશુભાઈ દેસાઈએ ગાંધીજીને અતિપ્રિય અને નરસિંહરાવ દિવેટિયા દ્વારા અનુવાદિત 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ' અને ઝવેરચંદ મેઘાણીની કૃતિ 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ' આ બે કવિતા રજૂ કરી. ડીસેમ્બરમાં કવયિત્રી ડૉ. ઉષાબેન ઉપાધ્યાયે રાજેન્દ્રભાઈ શાહ લિખિત 'ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર' અને પોતે લખેલી કવિતા 'નભ વચ્ચે આ કયો ખલાસી જળની જાળ ગૂંથે' રજૂ કરી. આ પછી શ્રી ગોપાલીબેન બુચે 'વેર્યા મેં બીજ અહીં છુટ્ટા હાથે ...' અને સ્નેહી પરમારની 'કોઈ નું પણ આંસુ લુછ્યું હોય તે અહીં બેસે' કવિતા રજૂ કરી. તમામ કાવ્યોની સમજૂતી અમારી ચેનલ **@iscehouse** પર જોઈ શકાશે.



## વાચન શિબિર :






વિદ્યાર્થીઓમાં વાચનમાં પ્રવૃત્તિ વિકસે તેમજ વાર્તા, નાટકો, કવિતા કઈ રીતે વાંચવું એ ઉદ્દેશથી આ પ્રવૃત્તિ ચાલુ છેલ્લા ૧૫ વર્ષથી ચાલે છે. ગત વર્ષે બે શિબિરો કરવામાં આવી હતી. એક શિબિર અંધજન મંડળના સહયોગથી રાખવામાં આવી હતી જેમાં ૪૭ વિદ્યાર્થીઓ અને બીજી સાહિત્ય અકાદમીના સહકારથી મડાંણા (બનાસકાઠા) રાખવામાં આવી હતી. જેમાં ૫૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# જેલના કેદીઓ સાથે સાહિત્ય કાર્યક્રમ

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા ૨૦૨૩ના વર્ષમાં અમદાવાદ સ્થિત સાબરમતી જેલના કેદીઓ સાથે એક ટૂંકી વાર્તાઓના આસ્વાદ માટે એક નવા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. કાર્યક્રમનો ઉદ્દેશ્ય જેલના કેદીઓને સાહિત્યની જે સમાજને સંદેશ આપતી નવલકથાઓ, કરુણકથાઓ વગેરે જેવી સાહિત્યની નવલકથાઓના રસાસ્વાદ દ્વારા બદલાવ આવે, સમાજને એક સારો વ્યક્તિ મળે એમનામાં સંવેદનશીલતા આવે એ હેતુથી પુરુષ કેદીઓ સાથે બે શિબિર અને એક મહિલા કેદીઓ એક કાર્યક્રમ કર્યો હતો. જેમાં ૨૨૦ કેદીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી રાઘવજી માધડ અને બીજા કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સતીષ વ્યાસે હાજરી આપી હતી. બંને વક્તાઓએ સાહિત્યની કરુણતા દર્શાવતી નવલકથાઓ જેવી કે ઈશ્વર પેટલીકરની ‘લોહીની સગાઇ’ ધૂમકેતુ ની ‘પોસ્ટ ઓફીસ’ વાર્તાઓ સંભળાવી જ્યારે સતીશ વ્યાસે ‘દુખિયારા’ નવલકથાઓનો રસાસ્વાદ કરાવીને વાતાવરણને ગમગીન બનાવ્યું હતું.

# ૭. સામાજિક માધ્યમોના વ્યસનમુક્તિ કાર્યક્રમ







સમુદાયના લોકોને વ્યસનોથી મુક્ત કરવા માટે વ્યસનમુક્તિનો કાર્યક્રમ ૨૦૨૧ના વર્ષથી ચાલતો આવ્યો છે. કોરોના પહેલા સમાજના લોકો માટે જૂના વ્યસનો  જેવા કે તમાકું, ગુટખા, સિગારેટ જેવા વ્યસનોથી મુક્ત કરવા માટે ઝુંપડીપટ્ટી વિસ્તારમાં પોસ્ટર પ્રદર્શન અને પ્રત્યક્ષ મુલાકાત દ્વારા જાગૃત કરવામાં આવતા હતા. કોરોના પછી ઓનલાઈન શિક્ષણ વધ્યું અને સાથે સાથે બાળકોમાં અને યુવાનોમાં મોબાઈલ વ્યસનનું પ્રમાણ પણ વધ્યું. આજના બાળકોને, યુવાનોને આજનું ૨૧ મી સદીનું વ્યસન જેમાં મોબાઈલ, ઈન્ટરનેટ  વ્યસનથી દૂર કરવા સંસ્થા દ્વારા નવો વિચાર કરવામાં આવ્યો. સંસ્થાના સામાજિક માધ્યમો પર પોસ્ટરો, લખાણ અને વીડિઓ દ્વારા વ્યસનથી મુક્ત કરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. આ કાર્યક્રમ સતત ચાલતો આવ્યો છે. સંસ્થાના સામાજિક માધ્યમો સાથે ૨૭૦૦ જેટલા લોકો જોડાયેલા છે. આ તમામને માહિતી પહોંચાડવામાં આવે છે. ૨૦૨૧ થી અત્યાર સુધી ૧૧૦ જેટલી જૂદી જૂદી પોસ્ટ મુકવામાં આવી છે. છેલ્લા ૧ વર્ષમાં ૭૫ જેટલી જૂદી જૂદી પોસ્ટો મુકીને લોકો સુધી પહોંચાડીએ છીએ. આ ઉપરાંત અમદાવાદની ચાર શાળાઓમાં પોસ્ટર જાગૃતિ દ્વારા ૨૬૬ વિદ્યાર્થીઓ સાથે જાગૃતિ અંગેનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.




સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે નહીં નફા કે નહીં નુકશાનના ધોરણે વર્ષ ૨૦૦૦થી કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે. આ તાલીમમાં **MS OFFICE, OFFICE MANAGEMENT, TALLY, LEAP OFFICE** જેવા બેઝીક કોર્ષ શિખવાડવામાં આવે છે. પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક ઉચ્ચત્તર માધ્યમિક, કોલેજોના તમામ વિદ્યાર્થીઓ અહી તાલીમ પામે છે. છેલ્લા એક વર્ષમાં ૧૭૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે.

# પ્રદર્શન કાર્યક્રમ:-

## ૧. રંગોળી હરિફાઈ :









વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક શક્તિ, વિચાર શક્તિ, કળાનું જ્ઞાન વિકસે તેમજ રંગોળી દ્વારા સમાજને સંદેશો આપવાના હેતુથી વિદ્યાર્થીઓ સાથે દર વર્ષે દિવાળી પર્વ નિમિત્તે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ૨૦૨૦ થી આ પ્રવૃતિની શરૂઆત કરવામાં આવી હતી. કોરોના સમય દરમિયાન વિદ્યાર્થીઓ ઘરે રંગોળી કરી તેના ફોટા અને વિડિઓ મોકલી તેનું નિષ્ણાંત દ્વારા પસંદ કરી ઇનામ આપવામાં આવતા હતા. છેલ્લા બે વર્ષથી વિષય વસ્તુને ધ્યાનમાં રાખી આ સ્પર્ધા કરવામાં આવે છે. જેમાં જૂદા-જૂદા વિષયો જેવા કે શિક્ષણ આધારિત, સમાજ આધારિત, પર્યાવરણ આધારિત અને વિશ્વને આવરી લેતા મુદ્દાઓ આવરી લેવામાં આવે છે. અત્યાર સુધી ૧૮૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો છે. ગત વર્ષે સંસ્થા દ્વારા સતત પાંચમી વખત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ દોરેલ રંગોળીમાથી નિર્ણાયકો દ્વારા પસંદ કરેલ ત્રણ રંગોળી કરનાર સ્પર્ધકને રોકડ પુરસ્કાર પણ આપવામાં આવ્યું. આ ઉપરાંત દરેક સ્પર્ધકને ઈ સર્ટિફીકેટ આપવામાં આવ્યું હતું.

# :જાહેર કાર્યક્રમો:



## ૨૧ મું પ્રા. રામલાલ પરીખ જન્મદિન વ્યાખ્યાન

ભારતીય સમુદાય શિક્ષણ સંઘમાં દર વર્ષે સંસ્થાના સ્થાપક પ્રા. રામલાલ પરીખના જન્મદિન નિમિત્તે જૂદા-જૂદા વિષય આધારિત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ ૨૦૦૧ થી ચાલતું આવ્યું છે. અત્યાર સુધી જૂદા-જૂદા વિષય પર કુલ ૨૨ વ્યાખ્યાનો થયા છે. ગયા વર્ષે ૨૦૨૩ માં "હમ કૌન હૈ?" વિષય પર શ્રી કુમાર પ્રશાંતજી એ વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાનમાં સંસ્થાના અધ્યક્ષ શ્રી પી.જે. દિવેટિઆ, ટ્રસ્ટી શ્રી ડૉ. મંદાબહેન પરીખ અને સંસ્થાના સેક્રેટરી શ્રી મયંકભાઈ ઉપાધ્યાય હાજર રહ્યા હતા. સભાધ્યક્ષ તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ શાહે સ્થાન શોભાવ્યું હતું. શ્રોતાઓમાં જૂદી જૂદી સંસ્થાના કાર્યકરો, કોલેજોના અધ્યાપક, વિદ્યાર્થીઓ તેમજ વિશિષ્ઠ વ્યક્તિઓ હાજર રહ્યા હતા.



## ૨૩મું પ્રા. રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાન :-

ભારતીય સમુદાય શિક્ષણ સંઘના સ્થાપક અને ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ પ્રા. રામલાલ પરીખની સ્મૃતિમાં પ્રતિવર્ષે જૂદા-જૂદા વિષય પર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવે છે. પ્રા.રામલાલભાઈ પરીખને અંજલિરૂપે વર્ષ ૨૦૦૦ થી શરૂ કરવામાં આવી છે. પહેલા સાત વ્યાખ્યાનો ૨૦૦૮માં સીમા વિનાનું શિક્ષણ શીર્ષકથી પ્રસ્તુત થયા છે. બીજા ૧૩ વ્યાખ્યાનો વિચાર વ્યોમના મેઘધનુષના નામે પ્રકાશિત કર્યા છે. દર વર્ષેની જેમ યોજાતી વ્યાખ્યાનમાળામાં ૨૩મા સ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન ૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ભારતના જાણીતા સાહિત્યકાર, ઇતિહાસકાર, ચિંતક પ્રાધ્યાપક પુરુષોત્તમ અગ્રવાલે 'કોઈ મેરી સુનતા નહીં : મહાભારત કે જરીએ ધર્મ પર ચિંતન' વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. આ સભાનું પ્રમુખ સ્થાન જાણીતા સાહિત્યકાર પ્રા. શ્રી રઘુવીર ચૌધરીએ સંભાળ્યું હતું. આ વ્યાખ્યાનમાં પ્રા. અગ્રવાલે મહાભારતની રચના કરનાર વેદવ્યાસે મહાભારતના પાત્રો કૌરવો અને પાંડવો પર વાત કહી. વ્યાખ્યાનમાં શિક્ષણ ક્ષેત્રે જોડાયેલા, સમાજ સેવા સાથે જોડાયેલા તેમજ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.



# ધ્વજ વંદન (૧૫ ઓગષ્ટ)

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારતીય સમુદાય શિક્ષણ સંઘના પ્રાંગણમાં ૭૭માં સ્વતંત્રતા દિન નિમિત્તે, ૧૫મી ઓગષ્ટ ૨૦૨૩ના રોજ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને તેની ભગીની સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટના તમામ સાથી સેવકોએ ભાગ લીધો હતો. ભારતીય સમુદાય શિક્ષણ સંઘના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુમાર વિનય મંદિરના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ જોડાયા હતા. ધ્વજ વંદન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે 'મારા સ્વપ્નનું ભારત' વિષય પર પોતાના વિચારો નાની ચિઠ્ઠીમાં લખવામાં આવ્યા હતા. આઝાદીના ૧૦૦ વર્ષ પૂર્ણ થશે ત્યારે વિદ્યાર્થીઓએ જોયેલા સ્વપ્નો કેટલા સાકાર થશે અને તેમાં વિદ્યાર્થીઓનો શો ફાળો હશે તે વિશે સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો.






# ધ્વજ વંદન (૨૬ જાન્યુઆરી)

ભારતીય સમુદાય શિક્ષણ સંઘના પ્રાંગણમાં પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ભગીની સંસ્થા યુવક વિકાસ ટ્રસ્ટના કાર્યકરો અને ગૂજરાત વિદ્યાપીઠના કુમાર વિનય મંદિરના ૬૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ જોડાયા હતા. સંસ્થાના ટ્રસ્ટી ડૉ. મંદાબહેન પરીખના હાથે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

# સંશોધનો:-

# ડિજીટલ સાક્ષરતા અને ગુજરાતના ગામડાં :




શહેર અને ગામડાં વચ્ચેના વધતા જતા અંતરે આપણા વિકાસ સામે એક મોટો પડકાર ઉભો કર્યો છે. ડિજીટલ ટેકનોલોજી અને વિવિધ સેવાઓના માધ્યમોનો ઉપયોગ ખૂબ ઝડપથી વધવા લાગ્યો છે. આજે વધતી જતી ટેકનોલોજીના વિકાસથી ગુજરાતના ગામડાઓ ટેકનોલોજીના સંશાધનોથી કેટલા જાણકાર છે. તેનો કેવી રીતે ઉપયોગ કરે છે તે જાણવાના ઉદ્દેશથી ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને શિક્ષણ મહાવિદ્યાલય ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના ગામડાઓમાં ડિજીટલ સાક્ષરતા અંગેનો સર્વે કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા ૨૦૨૨થી સમુદાયને લગતા નાના નાના સર્વે કરવામાં આવે છે. અત્યાર સુધી છ સર્વે કરવામાં આવ્યા છે. આ વર્ષે એમ.એડ સત્ર ૪ માં અભ્યાસ કરતા ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા જૂદા-જૂદા ૧૫ જિલ્લાના ૩૦ તાલુકાના ૧૬૯ ગામોના કુલ ૧૯૩૨૦ કુટુંબોનો સર્વે કર્યો હતો. જેમાં ગામડાના લોકો કેટલા અંશે ડિજીટલ માધ્યમો જેવા કે સ્માર્ટફોન, લેપટોપ, સ્માર્ટ ઘડિયાળ, ટી.વી., વગેરે ડિજીટલ માધ્યમો કેટલા ઉપયોગ કરે છે તે તપાસવામાં આવ્યું. તેમાં ખાસ કરીને સ્માર્ટ ફોનમાં આવતી જૂદી-જૂદી સેવાનો લોકો કેટલો ઉપયોગ કરે છે તે તપાસવામાં આવ્યું. સર્વે કરેલ ગામોમાંથી મોટાભાગના આદિવાસી ગામો હતા. સર્વેમાંથી જાણવા મળ્યું કે ગ્રામ્ય વિસ્તારમાં યુવાનો સ્માર્ટફોનનો ઉપયોગ તો કરે છે પણ તેની જૂદી જૂદી સેવાઓથી હજુ પણ વંચિત છે.



## સર્વેના તારણો:-

1. ઓનલાઈન ખરીદી કરવા ૫૭ % લોકો ઉપયોગ કરે છે. અને બીજાને શીખવી પણ શકે છે.
2. ૪૪.૭૭% લોકો વિજળી બીલ પણ મોબાઈલના માધ્યમથી ભરે છે.
3. સરકારી યોજનાની ઓનલાઈન માહિતીના અરજી કરવી ઘણા ઓછા લોકો જ કરે છે.
4. મોબાઈલથી પૈસા ટ્રાન્સફર કરવા માટેની એપ ૭૦% લોકો કરે છે.
5. ઓનલાઈન અભ્યાસ કરવા માટેની એપનો ઉપયોગ ૩૮% લોકો જ કરે છે.
6. જમીનના ૭/૧૨ ઉતારા કરવા માટેનો ઓનલાઈન ઉપયોગ નહીવત પ્રમાણમાં જ કરે છે. મોટાભાગના લોકોને એ અંગે જાણ નથી.
7. એકબીજા સાથે ફોન પર વાતચીત કરવા માટે મોટાભાગના બધા જ લોકોને આવડે છે.
8. સામાજિક માધ્યમોનો ઉપયોગ પણ ૮૬% લોકો કરે છે.
9. ઓનલાઈન મીટીંગ કરવી, ડોક્યુમેન્ટ સાચવવા, સ્થળ કે દિશા શોધવા માટે ઘણા લોકો હજુ અજાણ છે.
10. સ્માર્ટ ઘડિયાળ કે સ્માર્ટ ટીવી ૩૦% લોકો જ વાપરે છે.
11. ગ્રામ્ય વિસ્તારમાં યુવાનો સ્માર્ટફોન તો વાપરે જ છે પણ સ્માર્ટફોનના ડિજીટલ માધ્યમો વિશે હજુ ઘણા અજાણ છે.

# અમદાવાદ શહેરના લારી-ગલ્લા ચલાવતા લોકોનો સર્વે:-






ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા અમદાવાદના આશ્રમ રોડ પર આવેલા લારી-ગલ્લા ચલાવતા ૫૦ લોકોનો સર્વે કરવામાં આવ્યો હતો. સર્વેમાં પ્રત્યક્ષ મુલાકાત લઇ આવા નાના ધંધાધારીઓની આજે હાલની પરિસ્થિતિ શું છે? કેમ આ વ્યવસાય પસંદ કર્યો,? એમનું કુટુંબની સ્થિતિ, શિક્ષણ વગેરે જેવી સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કર્યો. આજે આવા નાના ધંધાધારીઓની આજે પણ આપણા રોજીંદા જીવનમાં ક્યાંક ને ક્યાંક ઉપયોગમાં આવે છે. તેમના શું પ્રશ્નો છે? તેમનું આગળનું ભવિષ્ય શું છે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

## સર્વેના તારણો:-

- મોટાભાગના લારીગલ્લાવાળા અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર કરીને આવેલ છે.
- મોટાભાગના ૩૫ વર્ષથી ૫૦ ઉંમર ધરાવતા યુવાનો વધુ છે. મોટાભાગના લોકોએ પ્રાથમિક શિક્ષણ જ લીધું છે. અન્ય માધ્યમિક શિક્ષણ લીધેલું છે.
- નવાઈની વાત એ છે કે તમામના બાળકો શિક્ષણ લે છે અને આજીવિકા માટે લારી પર જ આધાર રાખવા માંગતા નથી.
- ઓછો અભ્યાસને કારણે અને નોકરીની ઓછી તકોના લીધે લારી-ગલ્લા સિવાય બીજો કોઈ વિકલ્પ હોતો નથી. મોટાભાગના લારી-ગલ્લાવાળા હિસાબો માટે પોતાના બાળકોની મદદ લે છે.
- કોરોના મહામારીમાં થયેલી ખોટની હજુ ભરપાઈ થઇ શકી નથી.

- ઓવરબ્રિજ બનવાથી તેમના ધંધામાં નુકશાન થયું છે.
- મોટાભાગના લારી-ગલ્લાવાળા પોતે જ ધંધો ચલાવે છે. કોઈએ પણ બાળમજૂર રાખ્યા હોય એવું જોવા મળ્યું નથી.
- લારી ગલ્લાવાળાને મોટાભાગનો જગ્યાનો પ્રશ્ન ઉભો થયો છે. સરકાર દ્વારા એમની જગ્યા ખસેડવાની ઝુંબેશ ચાલે છે.
- રાષ્ટ્રીય સ્તરે National Hawkers Federation, National Association Of Street vendors in India કામ કરે છે. પણ સર્વેમાં આવરી લેવાયેલ લોકોમાંથી કોઈ એમનું સભ્ય નથી.
- આમ, અમદાવાદ એક વિકસિત વિસ્તારના લારી-ગલ્લાનો આ નાનકડો સર્વે ઘણું સૂચવી જાય છે. અહીં પ્રાથમિક સ્તરે ન તો એમનો ટેકો આપે એવી કોઈ સંસ્થા કે યોજના છે, ન એમનું કોઈ સંગઠન છે. એની આવક આજીવિકા માટે પૂરતી છે. પણ એ સ્થિર છે અને વિકાસનો અવકાશ ઓછો છે. ન તો એમના શિક્ષણ માટે કોઈ વ્યવસ્થા છે, ન ટેકનોલોજીની કોઈ પહોંચ.



# સંસ્થાનું યાત્રાપથ

સંસ્થા દ્વારા સંસ્થાના કાર્યક્રમોને દર્શાવતું ત્રિ માસિક "યાત્રાપથ" નામે પુસ્તિકા બહાર પાડવામાં આવે છે. યાત્રાપથની શરૂઆત ૨૦૦૭ થી કરવામાં આવી હતી. એક વર્ષમાં ચાર અંક બહાર પાડવામાં આવે છે. તેમાં પ્રા.રામલાલભાઈ પરીખના લેખો, સંસ્થાના કાર્યક્રમો, પુસ્તકનો પરિચય,વગેરે લખવામાં આવે છે. યાત્રાપથના માધ્યમથી સમુદાય શિક્ષણ સાથે આપને જોડવાનો નાનકડો પ્રયત્ન કરવામાં આવે છે. " યાત્રાપથ"નું વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૫૦/- છે.


છૂટક નકલ : રૂ ૧૫-૦૦ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦-૦૦

યાત્રાપથ

૧. સંપાદકીય

મારા પિતા સ્વ. શ્રી રામલાલભાઈને શ્રી મોરારજીભાઈ દેસાઈ સાથે એક આગવો સંબંધ હતો. એમની દીકરી હોવાના નાતે એમને નજીકથી જોવાનો અવસર મળ્યો હતો. હમણાં જ મોરારજીભાઈની વર્ષગાંઠ ગઈ. જીવનમાં સદ્ભાગ્યે જ જોવા મળે તેવું વ્યક્તિત્વ આપણી વચ્ચે ૧૦૦ વર્ષ જીવી ગયું. આપણને વિરાસત મંદિરો કે મકાનોમાં શોધવાની આદત છે પણ વિરલ વ્યક્તિત્વવાળા આપણા નેતાઓ પણ આપણી વિરાસત છે. તેમના જીવન અને મૂલ્યો અનેકોની પ્રેરણા બન્યાં છે અને આવનાર સદીઓમાં પણ એ પ્રેરણાસ્રોત બની રહેશે.

૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ અને જ્યારે દેશને ગાંધીજીની સૌથી વધારે જરૂરિયાત હતી ત્યારે જ આપણે ગાંધીજીને ગુમાવ્યા. વિશ્વના મહાન વૈજ્ઞાનિક, જેમની શોધોએ આધુનિક વિજ્ઞાન અને ટેક્નોલોજીનો રાહ ચાતર્યો તેવા ડો. આઈન્સ્ટાઈને ગાંધીજી વિશે કહ્યું હતું કે, આવનાર પેઢીઓ માની નહિ શકે કે ગાંધીજી જેવો માણસ હાડમાંસમાં ખરેખર આ પૃથ્વી પર સંચર્યો હશે. મોરારજીભાઈ માટે પણ આ એટલું જ સાચું છે. એમના જેવો અડગ સત્યવાદી, પારદર્શી, નિર્ભય અને અંગત સ્વાર્થ પ્રતિ બિલકુલ અનાસક્ત માણસ આ દેશમાં જન્મી, ૧૦૦ વર્ષ જીવ્યા અને ૬૦ વર્ષ ભારતના સક્રિય રાજકારણમાં રહ્યા. આ વાત માનવી અઘરી છે.

મોરારજીભાઈનું વ્યક્તિત્વ અનેક રીતે વિરાટ. એમના જીવનવૃત્તાંતને વાંચતાં ભગવદ્ગીતામાં અર્જુનને વિશ્વરૂપદર્શનમાં જે અનુભવ થાય છે એવો જ અનુભવ થાય છે. મોરારજીભાઈનું બહુમુખી, અસંદિગ્ધ વ્યક્તિત્વ એમને મળનાર ભાગ્યે જ ભૂલી શકે. વલસાડ જિલ્લાના નાનકડા ગામ ભદેલીમાં એક સામાન્ય કુટુંબમાં એમનો જન્મ. પિતા પ્રાથમિક શાળાના શિક્ષક હતા. એ ક્યારેય કોઈ પણ પ્રકારની ખુશામત કરતા નહિ. ઘરમાં સંસ્કાર અને શિસ્તભર્યું વાતાવરણ હતું. ભણવામાં મોરારજીભાઈ હોશિયાર અને મહદંશે શિક્ષકોને

જાન્યુઆરી-માર્ચ - ૨૦૨૪ • વર્ષ : ૧૭ • અંક : ૨

## સંસ્થાના સામાજિક માધ્યમો:-

**લોકોને સંસ્થા સાથે જોડવા અને સંસ્થાના કાર્યક્રમો વિશે જાણકારી આપવા માટે સામાજિક માધ્યમોનો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં નીચેના માધ્યમો ઉપલબ્ધ છે.**

**ફેસબુક:-** iscehouse@gmail.com


**ઇન્સટાગ્રામ:-** iscehouse@gmail.com

**વેબસાઇટ:-** http://iscecommunity.org

**યુ ટ્યુબ:-** @iscehouse

**ઈ મેઈલ:-** iscehouse@gmail.com

# સંસ્થા દ્વારા પ્રકાશિત કરેલ પુસ્તકો:




## સીમા વિનાનું શિક્ષણ

પ્રા. રામલાલભાઈ પરીખનું વર્ષ ૧૯૯૯માં નિધન થયું તે પછી વર્ષ ૨૦૦૦ થી દર વર્ષે તેમની સ્મૃતિમાં ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા 'રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળા'નું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત દેશની પ્રખ્યાત હસ્તીઓ જેમણે જે તે ક્ષેત્રે પાયાના કામો કર્યા હોય તેમને પોતાના વિચારો વ્યાખ્યાન દ્વારા વ્યક્ત કરવા આમંત્રણ અપાય છે જેનાથી તે સંદેશો બીજા અનેકો સુધી પહોંચી શકે. આ પુસ્તકમાં પહેલા સાત વ્યાખ્યાનો છપાવવામાં આવ્યા છે. આ પુસ્તક ૨૦૦૮ માં પ્રકાશિત થયેલ છે. આ પુસ્તકની કિમત રૂ.૭૫/- છે.




## વિચારવ્યોમના મેઘધનુષ

આ પુસ્તકમાં પહેલા આઠ થી ૨૦ સુધીના વ્યાખ્યાનો છાપવામાં આવ્યા છે. આ વ્યાખ્યાનો મૂળ અંગ્રેજી કે હિન્દીમાં અપાયા છે તેથી તેમનું ગુજરાતીમાં અનુવાદ કરેલ છે. આ પુસ્તક ૨૦૨૦માં પ્રકાશિત થયેલ છે. આ પુસ્તકની કિમત રૂ.૨૫૦ /- છે.